# <u>પરીક્ષા પદ્ધતિ</u>

## <u>બી.એ. : સેમ- 1 થી ૬ અને એમ.એ. : સેમ- ૧ થી ૪</u>

યુનિવર્સિટીના ધારા ધોરણો મુજબ સેમેસ્ટર કક્ષાએ દરેક વર્ગમાં એક આંતરિક કસોટી (કૉલેજ દ્વારા) તથા સત્રના અંતે સત્રાંત પરીક્ષા(યુનિ.દ્વારા) યોજાય છે.

યુનિ. પરીક્ષામાં દરેક પેપર ૭૦ ગુનાનું અને ત્રણ કલાકનું હોય છે. જેમાં પાસ થવા માટેનું લઘુત્તમ ધોરણ ૨૮ ગુણનું છે. આ ઉપરાંત, દરેક પેપરમાં ૩૦ ગુણ આંતરિક ગુણાંકનના હોય છે. જે પૈકી 20 ગુણ આનાત્રિક કસોટીના પરીણામના આધારે તેમજ ૧૦ ગુણ વિદ્યાર્થીએ વર્ગ સેમિનારમાં લીધેલ સક્રિયતા, અસાઈનમેંટ, હાજરી, શિક્ષણ સંદર્ભિત અન્ય પ્રવૃત્તિઓ વગેરેને ધ્યાનમાં રાખી અપાય છે. વિદ્યાર્થીએ આ ૩૦ ગુણમાંથી લઘુત્તમ ૧૨ ગુણ મેળવવા જરૂરી છે.

કોલેજ ધ્વારા લેવાતી આંતરિક કસોટીમાં દરેક પેપર ૭૦ ગુણ  અને ૩ કલાકના સમય મર્યાદાને ધ્યાનમાં રાખી લેવાય છે.

### <u>આંતરીક પરીક્ષાના ગુણને આધારે આંતરીક ગુણાંકન ગણવાની રીત:</u>

બે ગુણ એક આંતરિક ગુણ ગણવો. દા,ત. આંતરિક પરીક્ષામાં કોઈ વિષયમાં ૩૦ ગુણ આવે તો ૩૦/૨ = ૧૫ આંતરિક ગુણ કહેવાય. એ જ રીતે ધારોકે ૩૧ ગુણ હોય તો ૩૧/૨ = ૧૫.૫ થાય,  તેવા સંજોગોમાં અપૂર્ણાંકને પૂર્ણાંકમાં બદલી દેવાય છે. તે મુજબ અહીં ૧૫.૫ ના ૧૬ આંતરીક ગુણ થશે. જેમાં હાજરી, સેમીનાર વગેરેના આધારે ૧૦ ગુણમાંથી મેળવેલ ગુણ ઉમેરાઈ જે તે પેપરનું કુલ આંતરિક ગુણાંકન બને છે.

કોલેજમાં પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના, નિર્ભીક વાતાવરણમાં યોજાય છે. એ દરમિયાન કોઇ ગેરરીતી કરતાં પકડાય તો તેને જે તે પરીક્ષામાં, જે તે વિષયમાં શૂન્ય ગુણ અપાય છે. એથી તેને આંતરિક ગુણમાં નુકશાન થાય છે. વળી, વિશેષ સંજોગોમાં અપાતા ગ્રેસિંગનો લાભ પણ આ વિદ્યાર્થીને મળતો નથી. એજ રીતે યુનિ. પરીક્ષામાં વિદ્યાર્થી ગેરરીતી કરતાં પકડાય તો યુનિ.ના ધારાધોરણ મુજબ તેને છ માસથી ત્રણ વર્ષ સુધી પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ લાગુ પડે છે.